# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## પરિપત્ર

### ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam)
### (B.Sc. I Sem. & II Sem. Students Only)

યુનિવર્સિટી સંલગ્ન બી.એસ.સી. (B.Sc.) અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોમાં જે વિદ્યાર્થીઓએ **એકેડેમીક વર્ષ ૨૦૧૪-૧૫ તથા વર્ષ-૨૦૧૫-૧૬માં યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત (Online System) માં એનરોલમેન્ટ કરાવેલ હોઈ તથા જેઓની છ (૬) ટર્મ** ( Six Semesters) **પૂર્ણ કરેલ હોય, પણ જેઓ પ્રથમ તથા દ્વિતીય સેમેસ્ટરમાં ૦૧ કરતા વધુ વિષયોમાં નાપાસ થયેલ હોઇ તેવા વિદ્યાર્થીઓની** ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) નું આયોજન કરવા બાબતે તારીખ : ૧૭/૧૧/૨૦૧૮ના રોજ મળેલ સિન્ડિકેટ સભાએ બાબત ક્રમાંક ૧૦ થી નીચે મુજબ ઠરાવેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન બી.એસ.સી. (B.Sc.) અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોમાં જે વિદ્યાર્થીઓએ **એકેડેમીક વર્ષ ૨૦૧૪-૧૫ તથા વર્ષ-૨૦૧૫-૧૬માં યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત** (Online System) **માં એનરોલમેન્ટ કરાવેલ હોઇ તથા જેઓની છ (૬) ટર્મ** ( Six Semesters) **પૂર્ણ કરેલ હોય, પણ જેઓ પ્રથમ તથા દ્વિતીય સેમેસ્ટરમાં ૦૧ કરતા વધુ વિષયોમાં નાપાસ થયેલ હોઇ તેવા વિદ્યાર્થીઓની** ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) નું આયોજન કરવું.

ઉપરોક્ત ઠરાવના અનુસંધનમાં યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક અનુસાર પરીક્ષાઓનું આયોજન હાથ ધરવામાં આવશે.

| અનુ. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૦૧/૦૨/૨૦૧૯ થી ૦૫/૦૨/૨૦૧૯ | વિદ્યાર્થીઓએ સંબંધકર્તા કોલેજનો સંપર્ક કરી પરીક્ષાઓનું ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે તથા જરૂરી પરીક્ષા ફી કોલેજમાં જમા કરાવવાની રહેશે. ૦૫/૦૨/૨૦૧૯ સાંજે ૦૫:૦૦ કલાકે પરીક્ષા ફોર્મની લીંક બંધ થઇ જશે.<br>એક (૦૧) વિષય દિઠ વધુમાં વધુ ત્રણસો (૩૦૦) વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે.<br>ત્રણસો (૩૦૦) વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાઇ ગયા બાદ પોર્ટલ ઉપર પરીક્ષા ફોર્મ ભરાશે નહી.<br>યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પ્રોગ્રામની જાહેરાત યુનિવર્સિટી વેબસાઇટ પર કરવામાં આવશે. |
| ૨. | ૦૬/૦૨/૨૦૧૯ થી ૦૮/૦૨/૨૦૧૯ | કોલેજ દ્વારા વિદ્યાર્થીની પરીક્ષા ફી ઓનલાઇન રીસીપ્ટ સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| ૩. | ૦૯/૦૨/૨૦૧૯ થી ૧૧/૦૨/૨૦૧૯ | કોલેજ દ્વારા વિદ્યાર્થીની હોલ ટીકીટની પ્રિન્ટ આઉટ લઇ આચાર્યશ્રીની સહિ કરાવી વિદ્યાર્થીને આપવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૪. | ૧૨/૦૨/૨૦૧૯ થી ૨૦/૦૨/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા જ્ઞાનોદય પરીક્ષા ભવન ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે (**B.Sc. I Sem. Exam Morning Session** માં તથા **B.Sc. II Sem. Exam Evening Session** માં લેવામાં આવશે. ) |
| ૫. | ૧૨/૦૨/૨૦૧૯ થી ૨૩/૦૨/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા નિમણૂંક કરેલ પરીક્ષકો દ્વારા વિધાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી કરવામાં આવશે. |
| ૬. | ૨૪/૦૨/૨૦૧૯ થી ૨૬/૦૨/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીના માર્કસની એન્ટ્રી કરાવી રીઝલ્ટ પ્રોસેસ કરવામાં આવશે. |
| ૭. | ૨૭/૦૩/૨૦૧૯ થી ૨૮/૦૩/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીનું પરીણામ જાહેર કરવામાં આવશે. |

ઉપરોક્ત સમયપત્રક મુજબ યુનિવર્સિટી દ્વારા ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) નું આયોજન ફેબ્રુઆરી-૨૦૧૯ માસ માટે કરવામાં આવશે જેની સબંધકર્તા સર્વેએ નોંધ લઇ વધુ આગળની કાર્યવાહી કરવા જાણ કરવામાં આવે છે.

નોંધ :

૧. કોલેજ દ્વારા ૨૦૧૪-૧૫ તથા ૨૦૧૫-૧૬ના વિદ્યર્થીઓનો સંપર્ક કરી સદર પરીક્ષા અંગે માહિતી આપવા તથા તેમને પરીક્ષાની પૂર્વ તૈયારી અંગે રેમેડીયલ ક્લાસીસનું આયોજન હાથ ધરવું.

૨. માર્ચ ૨૦૧૯, એપ્રિલ-૨૦૧૯ તથા મે માસના સમય દરમ્યાન યુનિવર્સિટીની રેગ્યુલર પરીક્ષાઓનું આયોજન કરવાનું હોવાથી સદર મહિનાઓ દરમ્યાન (On Demand Exam) ની પરીક્ષાઓનું આયોજન હાથ ધરવામાં આવશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૩. ઉપરોક્ત સમયપત્રકમાં જણાવેલ તારીખોમાં રવિવાર, જાહેર રજાઓ તથા બીજા અને ચોથા શનિવારે યુનિવર્સિટી કાર્યાલય બંધ રહેશે.

નંબર/ઈ-૩/પરીક્ષા ભવન/368

વલ્લભ વિદ્યાનગર

તારીખ : ૧૯/૦૧/૨૦૧૯

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના:

૧. તયુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાના કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.

૨. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.

વડાશ્રી, સિન્ડિકેટ વિભાગ તરફ બાબત ક્રમાંક ૧૦ ની કાર્યવાહી અંગેની જાણ સારૂ.